ગાંધીનગરના નાગરિકોને આ વર્ષે હોળીની શુભેચ્છાઓ ખૂબ જ મળશે

પ્રશ્નો ઉકેલવા માટે પક્ષની તત્પરતા કેવી અને કેટલી છે, આ વાત ક્યાંય ખૂલીને થતી નથી, જે થવી જોઈએ : મતદારોએ પણ ઉમેદવાર કયા સમાજના છે તેના કરતા કઈ સમજણના છે તેના પર અગ્રતા આપવી જોઈએ

મહાનગરનો મહાસંગ્રામ
- સંજય દૃષ્ટિ

હા, સાહેબ. મહાસંગ્રામના બ્યુગલો વાગવાનુ કાઉન્ટ ડાઉન આરંભાયું છે. હોર્ડિંગના માધ્યમથી ચમકતા ચહેરા ઉમેદવારની ઉત્કંઠા વ્યક્ત કરે છે. હજુ તો ચાર દિવસ વધુ હોર્ડિંગો લાગશે. કિસાનરેલી બાદ સાયકલ શેરીંગ અને વાઈફાઈના હોર્ડિંગો સત્તાપક્ષ લગાવશે. તો હોળીની શુભેચ્છા વ્યક્ત કરતા હોર્ડિંગ પણ કોંગ્રેસ અને ભાજપ ઠેરઠેર લગાવશે. ગાંધીનગરના નાગરિકોને આ વર્ષે હોળીની શુભેચ્છાઓ ખૂબ જ મળશે, અને રંગ જામશે.. અને એ રંગ જંગમાં પલટાશે.

મૂળ વાત હજુ સુધી કોઈ જગ્યાએ થતી નથી કે શહેરના પ્રશ્નો કયા ? એ પ્રશ્નોમાં પોતાના પક્ષની અને પોતાની સમજણ કેવી છે. પ્રશ્નો ઉકેલવા માટે પક્ષની તત્પરતા કેવી અને કેટલી છે, આ વાત ક્યાંય ખુલીને થતી નથી, જે થવી જોઈએ. શહેર માટે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવા બે પ્રશ્નો વર્ષોથી યથાવત છે. અને તે છે - ગંદકી અને દબાણ.

સ્વચ્છતાના આટ આટલા અભિયાનો બાદ પણ ગાંધીનગરની ગંદકી જેમની તેમ છે. સ્વચ્છતા અભિયાનની તસવીરો જરૂર અખબારોમાં છપાય છે. પ્રવચનો અને પરિસંવાદો ખુબ થયા છે, પણ શેરીની સફાઈ નથી થતી એટલે નથી જ થતી. સેક્ટરોમાં વન વિભાગનું ફેન્સીંગ એ સેક્ટરના કચરાની ડમ્પીંગ સાઈટ બની ગઈ છે. ત્યાં કોઈ સફાઈ થતી જ નથી. અને આ સફાઈ માટે કોઈ જવાબદારી સ્વીકારતુ નથી. અહીં આછા પાતળા ઉકરડા સર્જાયા છે. ફરિયાદો અને અખબારી અહેવાલો ખૂબ થયા પણ કોઈના પેટનું પાણી હાલતુ નથી. સેક્ટરોની ગલી-ગૂંચીઓમાં, ચોકઠામાં ખૂણા-ખાંચરે ગટરના ઢાંકણાની આસપાસ ગંદકીનું સામ્રાજ્ય વધતુ જ જાય છે. એના માટે કોઈ વિચાર કરતુ નથી. કોઈ ચર્ચા કરતુ નથી, કોઈ ચિંતા કરતુ નથી. અને એવો જ બીજો પ્રશ્ન છે દબાણનો. ઈન્દિરાનગર થયુ, રામદેવનગર થયુ, બીજી બે-ત્રણ વસાહતો થઈ પણ સેક્ટરોની વચ્ચોવચ્ચના ઝુંપડાઓ આજે પણ એમના એમ જ છે. ખબર નહિ ઈચ્છા શક્તિનો અભાવ છે કે તંત્રની અસરકારકતા નથી. જે હોય તે, શહેરીજનો તો બત્રીસ-બત્રીસ નગર સેવકો હોવા છતાં પણ લાચાર સ્થિતિમાં છે.

શહેરી બસસેવા, રંગમંચની ઉપલબ્ધતા, અર્બનહેલ્થ સેન્ટરોની અવદશા, નગરની સરકારી પ્રાથમિક શાળાઓની દયાજનક હાલત, ગટર-પાણીના રોજિંદા પ્રશ્નો, રેલવે સ્ટેશનની અવગણના જેવા અનેક નાના મોટા પ્રશ્નો પ્રજાજીવનનો ભાગ છે. ત્યારે તેને ઉકેલવાની દિશામાં દરેક પક્ષે પોતાની રણનીતિ સ્પષ્ટ કરવી જોઈએ. માત્ર બાંકડા મુકીશુ એટલે જ સુવિધા વધશે એ ખ્યાલમાંથી બહાર નીકળવુ પડશે. દરેક નગરસેવકે નગરની પ્રજાને પીડા આપતા પ્રશ્નો ઉકેલવાની દિશામાં પોતાની દૃષ્ટિ અને શક્તિથી અગવત કરાવવાનો સમય આવી ચૂક્યો છે. મતદારોએ પણ ઉમેદવાર કયા સમાજના છે તેના કરતા કઈ સમજણના છે તેના પર અગ્રતા આપવી જોઈએ અને તો જ ફરિયાદોની સંખ્યા ઓછી બનતી જશે. મહાનગરના મતદારો ઈચ્છે છે કે અમારા નગરસેવકો પ્રશ્નો ઉકેલવામાં પાવરધા હોવા જોઈએ. વિકાસ અને કલ્યાણની વાતમાં સ્પષ્ટ સમજણ હોવી જોઈએ. તો જ આદર્શ મહાનગરના સ્વપ્નોને સાકાર કરી શકાશે.

હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ

સાહેબ... જુઓ અમારી ચોકસાઈ... પેન પણ બાંધીને રાખી છે માથે કેમેરો... પેલો હતો જ એવો એટલે પૈસા લઇને જતો રહ્યો...!!

ગાંધીનગર ટાઉનહોલ ખાતે આશા સંમેલન યોજાયું

ગાંધીનગર જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી દ્વારા આજરોજ આશા સંમેલનનું આયોજન ટાઉનહોલ, સે-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોમાં આરોગ્ય ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર આશા બહેનોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે આશા બહેનોને વર્ષ દરમ્યાન કરવાની થતી કામગીરીની ડાયરીનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિષયક કાર્યક્રમો અંગેની અદ્યતન જાણકારીથી સુમાહિતગાર કરવામાં આવી હતી. આરોગ્ય ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં પાયાની કામગીરી હેલ્થવર્કર અને આશા બહેનો દ્વારા કરવામાં આવે છે. ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમની જાણકારી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા પણ આશાબહેનો અદા કરી રહી છે.

ચોરી-લૂંટફાટ કરતી ચીખલીગર ગેંગ ઝડપાઈ

કલોલ-કડી વિસ્તારના ધાડ, લુંટ, ઘરફોડ, ચેઈન સ્નેચીંગ તથા વાહનચોરી સહિતના ૨૪ ગુનાઓનો ભેદ

ગાંધીનગર, તા. ૧૯

છેલ્લા ત્રણેક મહિનાથી કલોલ તથા કડી વિસ્તારમાં વાહનચોરી, લુંટ, ધાડ, ઘરફોડ તથા ચેઈન સ્નેચીંગના ગુનાઓમાં ચિંતાજનક વધારો થયો હતો જે અંતર્ગત ગાંધીનગર એલસીબીની ટીમ ગેંગને પકડવા સક્રીય હતી. ગઈ રાત્રે આ ગુનાઓ આચરીને આતંક મચાવનાર ચિખલીગર ગેંગને એલસીબીની ટીમે ઝડપી પાડી હતી. કડી અને કલોલ વિસ્તારમાં વાહનચોરીથી માંડીને ધાડ જેવી ગુનાઓ આચરનાર આ ગેંગના પાંચ સભ્યોને પકડવામાં આવ્યા છે જે પૈકી એક સગીર હોવાનું જાણવા મળ્યું છે. આ ગેંગે ૨૪ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરી લીધી છે.

ગાંધીનગર એલસીબી પીએસઆઈ વી.યુ. ગાડરીયા તથા કલોલ શહેર પોલીસ મથકના પીએસઆઈ એ.એસ. ચૌહાણ તથા તેમની ટીમોએ મળીને આ ગેંગને બાતમીના આધારે તાજેતરમાં કલોલ શહેરમાં મોર્નીંગ વોકમાં નીકળેલી મહિલા પર હૂમલો કરી દાગીનાની લુંટ કરનાર શખ્સોને પકડી પાડ્યા હતા. તપાસ કરતાં આ ચિખલીગર ગેંગના સાગરીતો હતા. સવારે ભુંડ પકડવાના બ્હાને નીકળતા અને વાહનને ડુપ્લીકેટ ચાવીથી કે વાયરીંગ ડાયરેક્ટ કરીને ખોલીને ચોરી કરી તે ચોરીના વાહનથી એકલ દોકલ જતી મહિલાનો દોરો ખેંચતા અને રાત્રે બંધ મકાનમાં ઘરફોડ કરતા હતા. આ ગેંગના પાંચ શખ્સો પકડાયા છે જે પૈકી એક સગીર છે. જ્યારે અન્ય ચારમાં છત્રાલના સતપાલ કાલુ સરદાર, કડીના ઈલેશ ઊર્ફે ઈલુ રામજી વાઘેલા, છત્રાલના દીલીપ ઊર્ફે દીપો બાબુલાલ રાઠોડ અને કલોલ સોનીની ખડકીના પ્રકાશ કનૈયા સોનીનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત આરોપીઓ પૈકી પ્રકાશ સોની ગુનામાં લાવેલા દાગીના ખરીદતો હતો. પોલીસે બે મોબાઈલ, રોકડ, ઘરફોડ કરવા વપરાતા સાધનો તથા ચોરીના બે બાઈકો ઉપરાંત સોનીને વેચેલો લુંટનો મુદ્દામાલ (રૂ. ૫૦,૩૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના) મળી કુલ રૂ. ૧,૦૫,૪૬૧નો મુદ્દામાલ કબ્જે કરી સઘન પુછપરછ હાથ ધરવામાં આવી છે. પુછતાછમાં છેલ્લા ત્રણ માસમાં કલોલ શહેરમાંથી પાંચ વાહન ચોરી, કલોલ શહેરમાંથી ૩ ઘરફોડ ચોરી, કલોલ તાલુકામાંથી પાંચ ઘરફોડ ચોરી અને કડી વિસ્તારમાંથી બે ઘરફોડ ચોરી ઉપરાંત કડીમાં ત્રણ ચેઈન સ્નેચીંગ, કલોલ તાલુકામાં છ ચેઈન સ્નેચીંગ મળી કુલ ૨૪ જેટલા ગુનાઓ આચર્યા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે વધુ કાર્યવાહી કલોલ શહેર પોલીસને સોંપી દીધી છે. આ ગેંગના અન્ય ચાર સાગરીતોના પણ નામ ખુલ્યા છે. જેમાં મનજીત ઊર્ફે રણજીત ચિખલીગર, પંડીત સરદાર, બુઢાસિંગ સરદાર અને ભગતસિંગ ઊર્ફે રાણા સરદારનો સમાવેશ થાય છે. તેમની ધરપકડ માટે પણ ચકો ગતિમાન કરવામાં આવ્યા છે.

ખૂણે ખાંચરેથી...

- આજે પણ ગાંધીનગર શહેરમાં પવનના સુસવાટાઓને કારણે આંધીનગર બનેલા પાટનગરમાં ઠેર ઠેર લાગેલા હોર્ડિંગ્સ પણ તુટી પડ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં નારદીપુર અને અડાલજ ખાતેથી સ્વાઈન-ફ્લુના બે શંકાસ્પદ દર્દી મળ્યા હતા. પરંતુ પરીક્ષણમાં તેમના રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ રાહત અનુભવી છે.
- ગાંધીનગરમાં ખેડૂતો દ્વારા ઘઉંની લણણી ચાલુ કરી દેવાઈ છે અને હોળી પછી ઘઉંની નવી આવક બજારમાં થશે.
- ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ પૂર્ણ થઈ છે અને કોલેજની પ્રિલીમ પરીક્ષાઓ ચાલી રહી છે આ પછી પ્રા. શાળામાં પરીક્ષાઓ શરૂ થશે.
- જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં રજી મેથી વેકેશન શરૂ થશે.
- શહેરની શાળાઓ દ્વારા વાલીઓ સાથેની બેઠકનો દોર પણ શાળા સંચાલકો દ્વારા શરૂ કરાયો છે.
- ગરમીનો પારો વધતાં જ છાશના વેચાણમાં વધારો થયો છે તો લીંબુ પાણીની લારીઓ પણ ચાર રસ્તા પર દેખાવા લાગી છે.
- ગાંધીનગર મનપા દ્વારા આગામી દિવસોમાં ખાતવિધિ અને લોકાર્પમના કાર્યક્રમો ક્યા થઈ શકે તે માટેની કવાયત ચાલી રહી છે.

ખેડૂતોએ ઘઉંની કાપણી હાથ ધરી

ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં ચાલુ સાલે રવીસિઝનમાં ઘઉં અને શાકભાજીનું સારા પ્રમાણમાં વાવેતર થયું હતું. ત્યારે હવે ઉનાળાના આગમ તથા હોળી-ધુળેટી પર્વના ગણતરીના દિવસોમાં ખેતરોમાં ઘઉંનો પાક તૈયાર થઈ જતા ઠેર ઠેર મજૂરો અને થ્રેસર દ્વારા ઘઉંની કાપણી અને લેવાની કામગીરીથી પૂરજોસમાં આરંભાઈ ચુકી છે. અગાઉ માવઠુ અને કમોસમી વરસાદના એંધાણોથી ખેડૂતો હવે ઘઉનો પાક સમયસર લેવામાં ચિંતાતુર બન્યા છે. માર્ચના અંતમાં મોટાભાગે ઘઉંનો પાક હેમખેમ લેવા આતુર બન્યા છે. હાલમાં બેંકોમાં મંડળીઓનું લેણ-દેણનો હિસાબનો મહિનો હોવાથી ખેડૂતો આર્થિક વ્યવહારો સાચવવા ખેતીપાક પર આધારિત ચુકવણી કરવા બજારતંત્ર પર મીટ માંડી રહ્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દહેગામ-નરોડા હાઈવે પર ગોઝારો અકસ્માત

કંપનીના કારીગરોને ઈકો ગાડીમાં બેસાડીને ડ્રાઈવર લઈ જઈ રહ્યો હતો ત્યારે ડમ્પરની ઓવરટેક કરવા જતા ડમ્પર અને એસ.ટી. બસને ધડાકાભેર ટકરાતા ત્રીપલ અકસ્માત સર્જાયો : બે ના કરૂણ મોત : આઠ ઘાયલ : ગાડીના ફુરચા ઉડી ગયા

ગાંધીનગર, તા. ૧૯

ખેડાના તેલનાર વિસ્તારની એક કંપનીમાંથી કારીગરોને બેસાડીને ડ્રાઈવર ઈકો વાનમાં દહેગામ-નરોડા હાઈવે પરથી લઈ જઈ રહ્યો હતો તે દરમ્યાન ડમ્પરની ઓવરટેક કરવા જતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. ઈકો, ડમ્પર અને એસ.ટી. બસ વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં ઈકોના ફુરચે ફુરચા ઉડી ગયા હતા અને ઈકોમાં સવાર બે વ્યક્તિના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા,જ્યારે આઠ વ્યક્તિ ઘાયલ થતાં હોસ્પિટલાઈઝડ કરવામાં આવ્યા છે.

ખેડા જિલ્લાના તેલનાર ગામની એક કંપનીના કારીગરોને ભરી ઈકો ગાડીમાં દહેગામ રોડ પરથી લઈ જવાઈ રહ્યા હતા ત્યારે દહેગામથી થોડે દૂર કોલેજ પાસે આજે સવારે ઈકો વાનનો ડ્રાઈવર આગળ જતી ડમ્પરની ઓવરટેક કરવા ગયો ત્યારે ડમ્પર સાથે ટકરાઈને ઈકો એસ.ટી. બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ત્રીપલ અકસ્માતમાં ઈકો ગાડીના ફૂરચે ફૂરચા ઉડી ગયા હતા. ઈકોમાં બેસેલા ત્રણેક કારીગરો પાછળનો દરવાજો ખુલી જતા કુદીને બહાર પડ્યા હતા. જેને પગલે ત્રણેયને આબાદ બચાવ થવા પામ્યો હતો. આ ગોઝારા અકસ્માતમાં બસમાં બેઠેલા મુસાફરો પણ હેબતાઈ ગયા હતા ને ચીચીયારીઓથી માર્ગ આખો ગુંજી ઊઠ્યો હતો. અકસ્માત બાદ ચીચીયારીઓ ગુંજતી સાંભળી કોલેજના વિદ્યાર્થીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ત્રીપલ અકસ્માતને પગલે ટ્રાફીક જામની સ્થિતિ સર્જાવા પામી હતી. આ અકસ્માતમાં ઈકોના ડ્રાઈવર પોપટભાઈ ડાહ્યાભાઈ પરમારનું ઘટનાસ્થળે જ્યારે શનાજી ઠાકોરનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનામાં બે ના મૃત્યુ અને આઠ ઈજાગ્રસ્ત થવા પામ્યા છે. દહેગામ પોલીસે આઈપીસી કલમ ૨૭૯, ૩૩૭, ૩૦૪-અ તથા એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઘાયલો પૈકી બે વ્યક્તિની હાલત હજુ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

આ ઉનાળામાં માણો બી વગરના લીંબુનો રસ

સીડલેસ લેમનની ખેતી દ્વારા ખેડૂતોને લીંબુની ખેતીમાં નવો વિકલ્પ : ઓછી જમીનમાં ઓછા સમયમાં વધુ પાક મેળવી શકાય છે

ગાંધીનગર, તા.૧૯

ઉનાળાનું આગમન થતા જ ગરમીથી ત્રસ્ત નાગરિકો વિવિધ જયુસ, શરબત વગેરેના શરણે જવા લાગે છે. ગરમીના કારણે શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જતું હોય છે તે પુરું કરવા માટે ફળોના રસ અને શરબત ખૂબ ઉપયોગી નીવડે છે. જે શરીરની પ્રવાહિતા જાળવવા સાથે બળબળતી ગરમીમાં ઠંડક આપે છે. આ ફળોમાં લીંબુ એ સૌથી વધુ લોકપ્રિય અને તેને બહોળા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે. જો કે લીંબુના શરબતમાં તેના બી આવી જાય તો શરબત કડવું થઈ શકે છે. પરંતુ આધુનિક યુગમાં કેટલાક ખેડૂતોએ તેનો પણ વિકલ્પ શોધી લીધો છે. હવે સમય છે બી વિનાના લીંબુની ખેતી કરવાનો. ગુજરાતમાં લીંબુનો છોડ રોપ્યા પછી તેને ફળ આપતા ૪૮ મહિના જેટલો લાંબો સમય લાગતો હતો. હવે ટીસ્યુ કલ્ચરના સીડલેસ લેમનના નવા છોડવાઓ માત્ર એકથી સવા વર્ષમાં જ ફાલ આપતા થઈ જાય છે.

હવે સીડલેસ લેમનનો જમાનો આવ્યો છે. શ્રીમંત વર્ગમાં તેની ડીમાન્ડ વધી રહી છે. રીચ કલાસમાં લોકપ્રિય બનવા માંડેલા સીડલેસ લેમનની દેશની બહાર અખાતના દેશોમાં ખાસ્સી માંગ છે. ગલ્ફ કન્ટ્રી અત્યારે તુર્કસ્તાનથી તેની આયાત કરી રહ્યા છે પરંતુ તે મોંઘા પડી રહ્યા છે. તેમના ભાવ ૧૬ થી ૧૮ દિરહામ જેટલા ઉંચા છે. એક દિરહામના રૂ.૧ ૭ થી ૧૮ થાય છે આમ તેની નિકાસ કરવામાં આવે તો ખાસ્સી આવક થવાની સંભાવના છે પરીણામે ગુજરાતમાં સીડલેસ લેમનની ખેતી વધવા માંડી છે. અત્યાર સુધીમાં ગુજરાતના સાબરકાંઠા, તલોદ, રોજડકમ્પા, સુરત, વડોદરા, ઉત્તર ગુજરાત, રાજકોટ, કચ્છ વગેરે જગ્યાએ હજારો હેકટર જમીનમાં લીડલેસ લીંબુનું વાવેતર થઈ ચુકયું છે. વહેલું વળતર મળવાની સંભાવનાથી આકર્ષાઈને ખેડૂતો સીડલેસ લેમનની ખેતી તરફ વળી રહ્યા છે.

ભારતમાં સામાન્ય બીજવાળા લીંબુની ખેતી કરનારા ખેડૂતોને કિલો દીઠ અંદાજે ઉનાળાની મોસમમાં રૂ.૪૦ની આસપાસ ભાવ મળતા હશે તેની સામે ભારતના જ બજારમાં સીડલેસ લેમનના રૂ. ૬૦ મળવાની શકયતા નકારી શકાતી નથી એમ સીડલેસ લેમનની ખેતી કરતા સાબરકાંઠા જિલ્લાના રોજડકમ્પાના ખેડૂત હિતેન્દ્ર પટેલનું કહેવું છે. તમામ ઓર્ગેનિક ખાતરનો જ ઉપયોગ કરીને તેની ખેતી કરવામાં આવે તો તેના મૂલ્યમાં તેનાથી ય વધુ વૃદ્ધિ થઈ શકે છે.

ટીસ્યુ કલ્ચરથી તૈયાર કરાતા સીડલેસ લેમનના છોડ આસાનીથી મળી શકે છે એક વીઘા જમીનમાં સીડલેસ લેમનના ૨૬૦ જેટલા છોડવાઓ રોપી શકાય છે. દરેક છોડવા પર પહેલા જ વર્ષે ૧૫ થી ૨૦ કિલોની આસપાસ લીંબુનો ફાલ મળી શકે છે સમય જતા તેના પર વર્ષે ૧૦૦ કિલો જેટલા લીંબુ ઉતારી શકાય છે. એક છોડ રૂ. ૮૦૦થી ૧૨૦૦ની આવક આપી શકે છે. રાસાયણિક ખાતરને બદલે કુદરતી ખાતરનો ઉપયોગ કરવામાં આવે તો આરંભમાં ઓછો ફાલ ઉતરે છે કુદરતી ખાતર ઓછું ખર્ચાળ છે પરંતુ લાંબે ગાળે લેમનની ઉંચી કિંમત અપાવી શકે છે.

ટીસ્યુ કલ્ચરના સીડલેસ લેમનના છોડવાની ખાસિયત એ છે કે તેમાં એક જ ઝુમખામાં મોટી સંખ્યામાં લીંબુ થાય છે તેને વિણવામાં બહુ તકલીફ પડતી નથી. રાસાયણિક ખાતર ઉપરાંત જંતુનાશક દવાથી પણ તેને દુર રાખવામાં આવે તે જરૂરી છે આમ તો સીડલેસ લેમનના છોડને પાંદડાની ઈયળની તકલીફ નડે છે તેનોય કુદરતી ઉપચાર મોજુદ છે. ૧૫ લીટર પાણીમાં ૫૦૦ મિલી ગોમૂત્ર, ૫૦૦ મિલી ખાટી છાશ (૧.૫ મહિનાની જુની છાશ) મહિનામાં બે થી ત્રણ વાર છંટકાવ કરવો તો ઈયળની તકલીફ ઓછી થઈ શકે છે.